# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-08-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## રોડમેપ P.M:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે દિલ્હીમાં આગામી પેઢીના સુધારા માટેના રોડમેપની ચર્ચા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે સરકાર તમામ ક્ષેત્રોમાં ઝડપી સુધારા માટે પ્રતિબદ્ધ છે. શ્રી મોદીએ કહ્યું કે આનાથી જીવનની સરળતા તેમજ વ્યવસાય અને સમૃદ્ધિને પ્રોત્સાહન મળશે. આ બેઠકમાં કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, રાજનાથ સિંહ અને નીતિન ગડકરી પણ હાજર હતા.

--------------------------------------------------------------------------------

## P.M રશિયા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનને ફોન કર્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ અલાસ્કામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની તેમની તાજેતરની મુલાકાત અંગે સમજ શેર કરવા બદલ પુતિનનો આભાર માન્યો. શ્રી મોદીએ કહ્યું કે ભારતે યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે સતત હાકલ કરી છે અને આ સંદર્ભમાં તમામ પ્રયાસોને સમર્થન આપ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે તેઓ આગામી દિવસોમાં રાષ્ટ્રપ્રમુખ પુતિન સાથે સતત વાતચીતની રાહ જોઈ રહ્યા છે.

--------------------------------------------------------------------------------

## બંદર ખરડો-2025:

રાજ્યસભાની મંજૂરી સાથે સંસદે ગઈકાલે ભારતીય બંદરો ખરડો 2025 પસાર કર્યો. આ ખરડાનો ઉદ્દેશ મુખ્ય બંદરો સિવાયના બંદરોના અસરકારક સંચાલન માટે રાજ્ય મેરીટાઇમ બોર્ડની સ્થાપના કરી તેને સશક્ત બનાવવાનો છે. આ ઉપરાંત બંદર ક્ષેત્રના માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવા માટે મેરીટાઇમ સ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલની સ્થાપના કરવાનો અને બંદરો પર પ્રદૂષણ, આપત્તિ, કટોકટી, સુરક્ષા, સલામતી માટે જોગવાઈ કરશે.

ખરડા પરની ચર્ચાનો જવાબ આપતા, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું કે આ ખરડો તમામ દરિયાકાંઠાના રાજ્યો અને અન્ય હિસ્સેદારો સાથે વ્યાપક પરામર્શ પછી લાવવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## રોજગાર યોજના પોર્ટલ -:

પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના પોર્ટલ પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના (PMVBRY) હેઠળ શરૂ થયું છે.

આ યોજના નવા રોજગાર મેળવનારા યુવાનોને બે હપ્તામાં 15 હજાર રૂપિયા સુધી અને નોકરીદાતાઓને નવી રોજગારીની તકો ઉભી કરવા માટે દર મહિને ત્રણ હજાર રૂપિયા સુધીની સહાય આપશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના ભાષણ દરમિયાન આ યોજનાની જાહેરાત કરી હતી. રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના હેઠળની આ યોજનાનો ઉદ્દેશ્ય બે વર્ષમાં દેશમાં 3કરોડ 5લાખથી વધુ નોકરીઓને પ્રોત્સાહન આપવાનો છે. તેમજ આ વર્ષે પહેલી ઓગસ્ટથી ઉત્પાદન ક્ષેત્ર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને તમામ ક્ષેત્રોમાં રોજગાર સર્જન, રોજગારક્ષમતા અને સામાજિક સુરક્ષાને ટેકો આપવાનો છે. નોકરીદાતાઓ www.pmvbry.epfindia.gov.in અથવા www.pmvbry.labour.gov.in ની મુલાકાત લઈ શકે છે અને એક વખત નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે.

---------------------------------------------------------------------------------------------------

## નકલી ખાતર-બિયારણ :

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે નકલી ખાતર અને બિયારણના વેચાણ મામલે કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. આ મામલે ગઇકાલે તેમણે કૃષિ વિભાગ અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ – ICARના અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરની બેઠક યોજી હતી.

શ્રી ચૌહાણે અધિકારીઓને પાકના નુકસાનને ગંભીરતાથી લેવા જણાવ્યું. તેમણે નમૂનાઓ નિષ્ફળ જાય તો પગલા લેવા પણ અધિકારીઓને નિર્દેશ આપ્યા છે

---

## વિકાસપથ યોજના:

રાજ્ય સરકારે શહેરોને જોડતા અને શહેરમાંથી પસાર થતાં 91 માર્ગના વિકાસ માટે 822 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. શહેરી વિકાસ વર્ષ 2025 અંતર્ગત વિકાસપથ યોજના હેઠળ 233 કિલોમીટર લંબાઈના 91 માર્ગને અદ્યતન બનાવાશે.

ઉપરાંત વિકાસપથ યોજના હેઠળ શહેરી વિસ્તારમાંથી પસાર થતા આવા માર્ગોને જરૂર મુજબ પહોળા કરવા, ઇલેક્ટ્રિક થાંભલા, અદ્યતન રોડ ફર્નિચર, ફૂટપાથ, સહિતની સુવિધા તથા માર્ગ સલામતી સાથે મજબૂતીકરણ કરાશે.

---

## હવામાન:

હવામાન વિભાગે આગામી 24 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે અને આવતીકાલે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે.

---

## પર્યુષણ પર્વ આરંભ:

જૈન સમાજના તહેવાર પર્યુષણ પર્વનો આવતીકાલ થી પ્રારંભ થશે. આ પર્વ દરમિયાન જૈન સમાજના મંદિરો અને ઉપાશ્રયો આરાધના, ભક્તિ અને તપસ્યાથી ગુંજતા બનશે. પર્યુષણના દિવસોમાં દરરોજ સવારે-સાંજે પ્રતિક્રમણ, સામાયિક તથા સ્વાધ્યાય યોજાશે. શ્રાવક-શ્રાવિકાઓ ઉપવાસ, એકાસણા, બેયાસણા, અઠ્ઠાઈ, માસક્ષમણ જેવા વિવિધ તપો દ્વારા આત્મશુદ્ધિનો સંકલ્પ લેશે. પર્યુષણનો અંતિમ દિવસ સંવત્સરી પ્રતિક્રમણ તરીકે ઊજવાશે.

---